# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

## :: ઓન લાઇન પરીક્ષા માટેની અગત્યની સુચના ::

જાહેરાત ક્રમાંક:૧/૨૦૧૭(બિન-શૈક્ષણિક)અન્વયે વિવિધ સંવર્ગોની **ઓનલાઇન પરીક્ષાનો** અભ્યાસક્રમ (Syllabus)

| અ.નં. | સંવર્ગનું નામ | અભ્યાસક્રમ (Syllabus) |
|---|---|---|
| ૧. | ખેતી અધિકારી/ટેકનીકલ આસીસ્ટન્ટ | **ગુજરાતની કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા B.Sc.(Agri.)ના અભ્યાસક્રમ મુજબ અંગ્રેજી ભાષામાં પ્રશ્નપત્ર રહેશે.** |
| ૨. | લેબોરેટરી ટેકનીશ્યન/લેબોરેટરી આસીસ્ટન્ટ/ટેકનીકલ આસીસ્ટન્ટ | B.Sc. in the subject of Chemistry/Microbiology or B.Sc. (Home Science/Nutrition)/B.Tech. (Food Technology)**ના અભ્યાસક્રમ મુજબ અંગ્રેજી ભાષામાં પ્રશ્નપત્ર બધા ઉમેદવારો માટે કોમન પ્રશ્ન પત્ર રહેશે.** |
| 3 | ટેકનીકલ આસીસ્ટન્ટ/લાઇવસ્ટોક આસીસ્ટન્ટ | Livestock Inspector Training from any recognized University **ના અભ્યાસક્રમ મુજબ ગુજરાતી ભાષામાં પ્રશ્નપત્ર રહેશે.** |

**સામાન્ય સૂચનાઓઃ**

(૧) પ્રશ્નપત્રમાં **કુલ-૧૦૦** હેતુલક્ષી પ્રશ્નો પૂછાશે.દરેક પ્રશ્નના ચાર વિકલ્પ આપવામાં આવશે.પરીક્ષા ON-LINE કોમ્પ્યુટર પર લેવામાં આવશે.

(૨) પરીક્ષામાં સાચા ઉત્તર માટે એક માર્ક અને ખોટા ઉત્તર માટે શૂન્ય માર્ક ગણવાના રહેશે.નેગેટીવ માર્કીંગનથી.

(૩) પરીક્ષા સબંધિત તમામ બાબતો અંગે આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ ધ્વારા લેવાયેલા નિર્ણયો છેવટના ગણાશે.

(૪) ઓન લાઇન પરીક્ષા સમયે ઉમેદવારે અત્રેથી મોકલેલ પત્ર (કોલ લેટર) ઉપર પોતાનો ફોટો લગાવી સાથે લઇને આવવાનું રહેશે.

(૫) ઓન લાઇન પરીક્ષાના દિવસે **સવારે ૮-૩૦ કલાકે** ઉમેદવારે પરીક્ષાના સ્થળે હાજર થવાનું રહેશે તથા ઉમેદવારે શૈક્ષણિક લાયકાત,અનુભવ,જાતિ વિગેરેના પ્રમાણપત્રો સરકારશ્રી ધ્વારા નિયત કરેલ પ્રફોર્મા મુજબના અસલમાં રજુ કરવાના રહેશે.

(૬) **તા.૨૭-૨૮/૦૭/૨૦૧૭ના** રોજ લેવામાં આવનાર ઓન લાઇન પરીક્ષાનું પરિણામ કુલસચિવશ્રીની કચેરી ખાતેના નોટીસ બોર્ડ તથા યુનિવર્સિટી વેબસાઇટ **www.aau.in** પર **તા.૨૭-૨૮/૦૭/૨૦૧૭ના** રોજ **સાંજે ૧૮-૦૦ કલાક સુધીમાં** મૂકવામાં આવશે.

(૭) ઉમેદવારે ઓન લાઇન પરીક્ષાના સમયે પત્ર ઉપરાંત પોતાના ફોટાવાળું ઓળખપત્ર સાથે લઇને આવવાનું રહેશે. જે માટે ડ્રાયવીંગ લાયસન્સ/ચૂંટણી કાર્ડ/આધાર કાર્ડ/પાસપોર્ટ/ફોટા સહિતની માર્કશીટ પૈકી કોઇ પણ એક પુરાવો ચાલશે. ઓળખ અંગે ઉપર જણાવેલ કોઇપણ એક પુરાવો રજુ કરવામાં નહી આવે તો ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

(૮) મોબાઇલ, ટેબલેટ, કેલકયુલેટર કે અન્ય ઇલેકટ્રોનીક ઉપકરણ પરીક્ષા ખંડમાં સાથે રાખી શકાશે નહી.

(૯) ઓન લાઇન પરીક્ષા માટે ઉમેદવારે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે. તેને માટે યુનિવર્સિટી તરફથી કોઇ ભાડા-ભથ્થું ચૂકવવામાં આવશે નહી.

(૧૦) ઓન લાઇન પરીક્ષાના પરિણામની જાહેરાત માટેની તારીખ તથા સમયમાં અનિવાર્ય સંજોગોમાં ફેરફાર કરવા અંગેની અબાધિત સત્તા યુનિવર્સિટી સત્તાધિકારીને રહેશે.

(૧૧) ઓનલાઇન પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે મેરીટ યાદી તૈયાર કરવા માટેનું લાયકી ધોરણ આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ ઠરાવશે.ઓન લાઇન પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે અંતીમ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે.

(૧૨) **ખેતી અધિકારી/ટેકનીકલ આસીસ્ટન્ટ,લેબોરેટરી ટેકનીશ્યન/લેબોરેટરી આસીસ્ટન્ટ/ટેકનીકલ આસીસ્ટન્ટ, ટેકનીકલ આસીસ્ટન્ટ/લાઇવસ્ટોક આસીસ્ટન્ટ** સંવર્ગોની જગ્યા માટે મૌખિક કસોટી(ઇન્ટરવ્યુ)લેવાનાર નથી.

(૧૩) મેરીટ યાદીના આધારે પસંદગી થયેલ ઉમેદવારોની યાદી તથા પ્રતિક્ષાયાદી નિયમોનુસાર તૈયાર કરી જાહેર કરવામાં આવશે.

(૧૪) પરીક્ષા માટેનો અભ્યાસક્રમ **www.aau.in** વેબસાઇટ પર મૂકેલ છે.

આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ

## જાહેરાત **ક્રમાંક:૧/૨૦૧૭(બિન-શૈક્ષણિક)**અન્વયે તા.૨૭-૨૮/૦૭/૨૦૧૭ના રોજ યોજાનાર વિવિધ સંવર્ગોની **ઓન લાઇન** પરીક્ષા અંગેના કાર્યક્રમની વિગત.

| સંવર્ગનું નામ | વિગત | તારીખ | સમય | ઓન લાઇન પરીક્ષાનું સ્થળ |
|---|---|---|---|---|
| ખેતી અધિકારી/ટેકનીકલ આસીસ્ટન્ટ | ઓન લાઇન પરીક્ષા | તા.૨૭/૦૭/૨૦૧૭ ગુરૂવાર | બપોર ૧૩:૦૦કલાક થી | કોમ્પ્યુટર લેબ યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| | પરિણામ | તા.૨૭/૦૭/૨૦૧૭ ગુરૂવાર | સાંજે ૧૮-૦૦ કલાક સુધીમાં | યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તથા આ યુનિ.ની વેબસાઇટ **www.aau.in** ઉપર મુકવામાં આવશે. |
| લેબોરેટરી ટેકનીશ્યન/ લેબોરેટરીઆસીસ્ટન્ટ/ ટેકનીકલ આસીસ્ટન્ટ | ઓન લાઇન પરીક્ષા | તા.૨૮/૦૭/૨૦૧૭ શુક્રવાર | બપોર ૧૩:૦૦કલાક થી | કોમ્પ્યુટર લેબ યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| | | | | |
| | પરિણામ | તા.૨૮/૦૭/૨૦૧૭ શુક્રવાર | સાંજે ૧૮-૦૦ કલાક સુધીમાં | યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તથા આ યુનિ.ની વેબસાઇટ **www.aau.in** ઉપર મુકવામાં આવશે. |
| ટેકનીકલ આસીસ્ટન્ટ/ લાઇવસ્ટોક આસીસ્ટન્ટ | ઓન લાઇન પરીક્ષા | તા.૨૮/૦૭/૨૦૧૭ શુક્રવાર | બપોર ૧૩:૦૦કલાક થી | કોમ્પ્યુટર લેબ યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| | પરિણામ | તા.૨૮/૦૭/૨૦૧૭ શુક્રવાર | સાંજે ૧૮-૦૦ કલાક સુધીમાં | યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તથા આ યુનિ.ની વેબસાઇટ **www.aau.in** ઉપર મુકવામાં આવશે. |

**નોંધ:- લાયક ઠરેલા તમામ ઉમેદવારોએ પરીક્ષાના દિવસે સવારે ૮-૩૦ કલાકે યુનિવર્સિટી ભવન,આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ ખાતે અવશ્ય હાજર રહેવાનું રહેશે.**